# GUJARAT TECHNOLOGICAL UNIVERSITY
(Established Government of Gujarat under Gujarat Act No. : 20 of 2007)
(Accredited with A+ Grade by NAAC)
# ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી
(ગુજરાત સરકારના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨૦/૨૦૦૭ દ્વારા સ્થાપિત)


જા.ક્ર.નં. : જી.ટી.યુ./કલ્ચરલ/૨૦૨૩-૨૪/ 2357 તારીખ:- ૦૨ /૦૪ /૨૦૨૫

## પરિપત્ર

વિષય:- ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા "વિકસિત ભારત@ 2047" વોઈસ ઓફ યુથ અંતર્ગત આંતરકોલેજ વકતૃત્વ સ્પર્ધામાં આપની કોલેજના એક પ્રતિનિધિને ભાગ લેવા માટે મોકલવા બાબત.

ઉક્ત વિષય અંગે જણાવવાનું કે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા **"વિકસિત ભારત@ 2047" વોઈસ ઓફ યુથ** અંતર્ગત આંતરકોલેજ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવાનું વિચારવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સાથે સંલગ્ન તમામ કોલેજના વિદ્યાર્થી પ્રતિનિધિઓ ભાગ લઇ શકશે. આ સ્પર્ધાના વિષયો, નિયમો વગેરે આ સાથે પરિશિષ્ટ – ૧ થી સામેલ છે તે વંચાણે લેવા અને તેમાં દર્શાવેલ નિયમો અનુસાર આપની કોલેજના એક પ્રતિનિધિને સદરહું સ્પર્ધામાં ભાગ લેવા માટે મોકલવા આથી અનુરોધ કરવામાં આવે છે.

આ સ્પર્ધામાં આપ જે પ્રતિનિધિ પસંદ કરો તેની વિગતો આ સાથે આપેલ પરિશિષ્ટ -૨માં ભરીને તેમાં આચાર્યશ્રીના સહી-સિક્કા કરી નીચે આપેલ ગુગલ લિંકમાં ભરીને તારીખ ૩૦/૦૪/૨૦૨૫ સુધીમાં મોકલી આપવાની રહેશે. આ સ્પર્ધા અંગે કોઈ મૂંઝવણ હોય કે માર્ગદર્શનની જરૂર હોય તો ફોન નંબર: ૦૭૯-૨૩૨૬૭૬૩૨ તેમજ sports@gtu.edu.in પર સંપર્ક કરી શકશો.

માહિતી મોકલવા માટેની ગુગલ લિંક:- https://forms.gle/rbwnzk7JeSs5fnSA6

ઉક્ત બાબતે સત્વરે કાર્યવાહી કરી અત્રે વિદ્યાર્થી પ્રતિનિધિના નામ અને માંગેલ માહિતી ગુગલ લિંકમાં મોકલી આપશો જેથી કરીને સૂચિત સ્પર્ધા સત્વરે યોજી શકાય.

બીડાણ: ઉપર મુજબ

3/3/25
કુલસચિવ

પ્રતિ,

(૧) આચાર્યશ્રી / ડાયરેક્ટરશ્રી જી.ટી.યુ. સંલગ્ન તમામ સંસ્થાઓ

(૨) પી.એ / પી.એસ. ટુ માનનીય કુલપતિશ્રી

(૩) પી.એ ટુ માનનીય કુલસચિવ

# પરિશિષ્ટ – ૧

## ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા "વિકસિત ભારત@ 2047" વોઈસ ઓફ યુથ અંતર્ગત આંતરકોલેજ વકતૃત્વ સ્પર્ધાના વિષયો અને નિયમો:

વિષયો:

(૧):- પ્રેમ કરવો એ એક ગંભીર જવાબદારી પણ છે.

(૨):- સ્પષ્ટ નિર્ણયશક્તિ વ્યક્તિનાં વિકાસ માટેનું અગત્યનું પરિબળ છે.

(૩):- ભારત દેશને વિશ્વગુરૂ બનતા કોઈ રોકી નહિ શકે.

(૪):- ભારત ભવિષ્યમાં સમસ્ત દુનિયામાં આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ (AI)માં પ્રથમ ક્રમે રહેશે.

(૫):- સાહિત્યનું વાંચન વ્યક્તિની વિચારશક્તિને વિકસાવે છે.

નિયમો:

(૧):- આ સ્પર્ધામાં પાંચ રોકડ પારિતોષિક અપાશે. પ્રથમ વિજેતાને રૂ. ૫૦૦૦/-, દ્વિતિયને રૂ. ૩૦૦૦/-, તૃતીયને રૂ. ૨૦૦૦/- અને બે આશ્વાસન પારિતોષિક રૂ. ૧૦૦૦/- ના અપાશે.

(૨):- વક્તાએ કોઈપણ એક વિષય પસંદ કરીને તેની તરફેણમાં, તેની વિરુદ્ધમાં કે તેના તટસ્થ વિશ્લેષણમાં બોલવાનું રહેશે.

(૩):- આ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધક ગુજરાતી, હિન્દી કે અંગ્રેજી ભાષામાં પોતાનું વ્યક્તવ્ય આપી શકશે.

(૪):- દરેક સ્પર્ધકને બોલવા માટે ૬ મીનીટનો સમય ફાળવવામાં આવશે. ૫ મિનીટ બાદ વોર્નિંગ બેલ વગાડવામાં આવશે અને ૬ મીનીટે વક્તાએ પોતાનું વ્યક્તવ્ય સમાપ્ત કરવાનું રહેશે.

(૫):- દરેક કોલેજ પોતાના પ્રતિનિધિ તરીકે માત્ર એક જ વિદ્યાર્થીને મોકલી શકશે.

(૬):- સ્પર્ધામાં ભાગ લેવા આવનાર સ્પર્ધકે તેમની કોલેજના સ્થળથી સ્પર્ધાના સ્થળ સુધી આવવા-જવાનું ભાડું કોલેજ કક્ષાએથી જ ઉધારવાનું રહેશે.

(૭):- સ્પર્ધકોને એક દિવસની નાસ્તા-ભોજનની વ્યવસ્થા યુનિવર્સિટી તરફથી આપવામાં આવશે.

(૮):- આ સ્પર્ધામાં નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણવાનો રહેશે.

(૯):- આ સ્પર્ધા ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી ખાતે, અમદાવાદમાં યોજાશે.

(૧૦):- આ સ્પર્ધાના આયોજનની જાણ સંસ્થાને કરવામાં આવશે. સ્પર્ધકને જાણ કરવાની જવાબદારી સંસ્થાની રહેશે.

(૧૧):- આ સ્પર્ધા વિદ્યાર્થી ભાઈઓ-બહેનો માટે સંયુક્ત રીતે યોજાશે. અને રજૂઆતની ગુણવત્તાને આધારે નિર્ણાયકો દ્વારા વિજેતાઓ નક્કી કરવામાં આવશે. બહેનો માટે કોઈ અલગ કેટેગરી સ્પર્ધાના સંદર્ભે રહેશે નહિ.

(૧૨):- આ સ્પર્ધાનું પ્રવેશપત્ર પરિપત્રમાં દર્શાવેલ તારીખ સુધીમાં યુનિવર્સિટીને મળી જવું અનિવાર્ય ગણાશે. સમય મર્યાદા બાદ આવેલ પ્રવેશપત્ર સ્વીકારાશે નહિ.

(૧૩):- ઉક્ત તમામ નિયમોનું પાલન સંસ્થાએ અને સ્પર્ધકે ચુસ્ત રીતે કરવાનું રહેશે.

# પરિશિષ્ટ - ૨

**ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા "વિકસિત ભારત@ 2047" વોઈસ ઓફ યુથ અંતર્ગત આંતરકોલેજ વકૃત્વ સ્પર્ધામાં ભાગ લેવા આવનાર સ્પર્ધક પ્રતિનિધિની વિગતો:**

(૧):- સંસ્થાનું નામ અને સરનામું: ______________________________

______________________________

______________________________

______________________________

(૨):- સ્પર્ધકનું નામ અને સરનામું: ______________________________

______________________________

______________________________

______________________________

(૩):- સ્પર્ધકનો મોબાઈલ નંબર: ______________________________

(૪):- સ્પર્ધકનું ઈ-મેઈલ એડ્રેસ: ______________________________

(૫):- સ્પર્ધકના અભ્યાસનું વર્ષ: ______________________________

(૬):- સ્પર્ધકના અભ્યાસનો વિષય: ______________________________

આચાર્યશ્રીની સહી: ____________________

આચાર્યશ્રીનું નામ: ____________________

આચાર્યશ્રીનો સિક્કો: ____________________